પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૦૦ | ૧૦ જાન્યુઆરી, ૨૦૨૧, રવિવાર; માગશર વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ॥ શુભ મંગલ ॥ ૧૬મીથી વેક્સિનેશન

## કોરોનાની મહામારીના મારમાં દેશના નાગરિકો માટે રાહતના સમાચાર : પહેલા તબક્કામાં ૩ કરોડ લોકોને આવરી લેવાશે : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કોરોના વેક્સિનને લઈને રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો સાથે કરેલી ઉચ્ચ સ્તરીય બેઠક બાદ જાહેરાત કરવામાં આવી

### આવતીકાલે પ્રધાનમંત્રી મુખ્યમંત્રીઓ સાથે વેક્સિનેશન મુદ્દા ચર્ચા કરશે

નવી દિલ્હી, તા.૯

દેશમાં કોરોના વાયરસના રસીકરણની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. કોરોના વેક્સિનેશન એટલે કે રસીકરણ માટેના ડ્રાય રન ચાલી રહ્યા છે. આ દરમિયાન દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તારીખ ૧૧ જાન્યુઆરી એટલે કે સોમવારના દિવસે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓની સાથે વિડીયો કોન્ફરન્સ દ્વારા કોરોનાના રસીકરણની તૈયારીઓના મુદ્દે ચર્ચા કરશે. સૂત્રોના જણાવ્યા મુજબ, મીટિંગ બાદ સોમવારે દેશમાં કોરોના વેક્સિનેશનની શરૂઆત માટેની તારીખની જાહેરાત થઈ શકે છે. દેશના મુખ્યમંત્રીઓ સાથે વડાપ્રધાનની બેઠક સોમવારે સાંજે ૪ વાગ્યે શરૂ થઈ શકે છે. શુક્રવારથી વેક્સિનેશન માટે જરૂરી લોજિસ્ટિક્સની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે. દેશના તમામ રાજ્યોમાં ડ્રાય રનના ભાગરૂપે કોરોના રસીકરણનો પૂર્વ અભ્યાસ પણ થઈ ચૂક્યો છે. કોરોના વેક્સિનેશનની ડ્રાય રન દરમિયાન અલગ-અલગ રાજ્યોમાંથી જે ફરિયાદો આવી છે તેનો ઉકેલ લાવવામાં આવી રહ્યો છે.




નવી દિલ્હી, તા.૯

ભારતમાં કોરોના વેક્સિનની રસી આપવાની જાહેરાત કરી દેવામાં આવી છે. આગામી ૧૬ તારીખે દેશમાં કોરોનાની વેક્સિન આપવાની જાહેરાત કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કોરોના વેક્સિનને લઈને રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો સાથે કરેલી ઉચ્ચ સ્તરીય બેઠક બાદ આ જાહેરાત કરવામાં આવી છે.

પીએમ મોદી સાથેની આ બેઠક દરમિયાન હેલ્થ સેક્રેટરી, કેબિનેટ સેક્રેટરી, પ્રિંસિપલ સેક્રેટરી અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યાં હતાં.

કોરોના મહામારી સામે ઝઝુમી રહેલા દેશવાસીઓ માટે મોદી સરકારે આજે મહત્વનો નિર્ણય લેતા કોરોના વેક્સિન આપવાની તારીખની જાહેરાત કરી દીધી છે. આગામી ૧૬ તારીખથી દેશમાં કોરોનાની વેક્સિન આપવાની શરૂઆત કરી દેવામાં આવશે. લોહડી, મકરસંક્રાંતિ, માઘ બિહુ જેવા તેહેવારોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે. આ તમામ તહેવારો ૧૫ જાન્યુઆરીએ પુરા થઈ જશે.

કોરોનાની આ વેક્સિન પહેલા તબક્કામાં ૩ કરોડ ફ્રંટલાઈન અને હેલ્થ વર્કર્સને આપવામાં આવશે. ત્યાર બાદ ૫૦ વર્ષથી વધારે ઉંમરના અને એક કરતા વધારે બિમારી ધરાવતા ૫૦ વર્ષથી અંદરના લોકોને આ વેક્સિન આપવામાં આવશે. આ લોકોની સંખ્યા લગભગ ૨૭ કરોડ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી સોમવારે દેશના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશના મુખ્યમંત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા એક બેઠકને સંબોધિત કરવાના છે. આ બેઠક બાદ પીએમ મોદી કોરોના વેક્સિનના અભિયાનની તારીખ જાહેર કરશે તેમ માનવામાં આવતુ હતું. પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જ ઉચ્ચસ્તરીય બેઠક યોજી કોરોનાના વેક્સિનની જાણકારી મેળવી હતી. કો-વિન વેક્સિન ડિલિવરી મેનેજમેન્ટ સિસ્ટમને લઈને પણ જાણકારી મેળવી હતી.

કો-વિન એક એવુ ડિજિટલ પ્લેટફોર્મ છે જેના દ્વારા કોરોનાની વેક્સિન અપાયાનો ચોક્કસ સમય, વેક્સિનના સ્ટોક સાથે સંબંધિત સૂચનાઓ, તેમને સ્ટોર કરવાના તાપમાન અને જે લોકોને કોરોનાની વેક્સિન લગાવવાની છે તેમને ટ્રેક કરવાનું કામ થઈ શકશે. અત્યાર સુધીમાં ૭૯ લાખ લોકોથી વધારે લાભાર્થીઓએ કો-વિન પર પોતાનું રજીસ્ટ્રેશન કરાવી લીધું છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૧ની શરૂઆત સાથે જ ભારતે બે જ દિવસમાં એક પછી એક એમ બે કોરોનાની વેક્સિનને મંજૂરી આપી હતી. સીરમ ઈન્સ્ટિટ્યુટની કોવિશિલ્ડ અને ભારત બાયોટેકની કોવેક્સિનને ઈમરજન્સી ઉપયોગની મંજુરી આપી દીધી હતી.

● અનુસંધાન પાન-૭ પર


## રસી ઝડપથી મોકલવા મોદીને બ્રાઝિલના રાષ્ટ્રપતિની વિનંતી


બ્રાસિલિયા, તા.૯

બ્રાઝિલના રાષ્ટ્રપતિ જેયર બોલ્સોનારોએ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એસ્ટ્રાઝેનેકાની કોવિડ-૧૯ રસી ઝડપથી મોકલવાની વિનંતી કરી છે. તેમણે વેક્સિનના શિપમેન્ટમાં મોડું થતા તેમને એક પત્ર લખ્યો છે. બોલ્સોનારો સરકાર પર રસીકરણ શરૂ કરવાનું દબાણ વધી રહ્યું છે. ટીકાકારોનું કહેવું છે કે ક્ષેત્રીય સાથીઓ કરતાં દેશ પાછળ ચાલી રહ્યો છે અને તેથી સરકારને પ્રશ્નો થઈ રહ્યા છે કે આખરે મોડું કેમ થઈ રહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## ભંડારાની સરકારી હોસ્પિટલમાં આગ : ૧૦ નવજાત બાળકનાં મોત





**શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન : ન્યૂ બોર્ન કેયર વોર્ડમાં ૧૭ નવજાત બાળકો સારવાર લઈ રહ્યા હતા અને આકસ્મિક આગ લાગી : સાત બાળકોને બચાવી લેવાયા**

નાગપુર,તા.૯

મહારાષ્ટ્રના નાગપુર નજીક ભંડારા જિલ્લાની સરકારી હોસ્પિટલમાં દુ:ખદ સમાચાર આવ્યા છે. આ હોસ્પિટલમાં શનિવારે મોડી રાત્રે આગને કારણે ૧૦ નવજાતનાં મોત નીપજ્યાં છે. જિલ્લા હોસ્પિટલના સિક ન્યૂ બોર્ન કેર યુનિટમાં સવારે ૨ વાગ્યે અચાનક આગ ભભૂકી ઉઠી હતી અને મોટો અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં, ઈન્ટેસિવ કેર યુનિટમાં રાખવામાં આવેલા ૧૦ નવજાત બાળકોનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે ૭ નવજાતને બચાવવામાં આવ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે શોર્ટ સર્કિટને કારણે આગ લાગી છે. જિલ્લા હોસ્પિટલના સિવિલ સર્જન ડો. પ્રમોદ ખંડાતેના જણાવ્યા મુજબ, હોસ્પિટલના ન્યૂ બોર્ન કેયર વોર્ડમાં ૧૭ નવજાત બાળકો સારવાર લઈ રહ્યા હતા, આગ લાગતા ૧૦ બાળકોના મોત થયા છે, જ્યારે ૭ને બચાવી લેવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## જકાર્તાથી ૬૦ મુસાફરોને લઈને ઉડેલુ વિમાન લાપતા, સર્ચ ઓપરેશન ચાલુ

**શ્રીવિજયા એરલાઇન્સના બોઇંગ પ્લેને ઉડાન ભર્યાના ૪ મિનિટમાં સંપર્ક ગુમાવ્યો : વિમાનમાં ૬૨ મુસાફરો સવાર હતા**

જકાર્તા,તા.૯

ઈન્ડોનેશિયાની રાજધાની જાકાર્તાથી ઉડાન ભર્યા બાદ એક ફ્લાઈટ ગુમ બતાવાઈ રહી છે. રિપોર્ટ મુજબ વિજયાએરની એક ફ્લાઈટ નંબર એસજે ૧૮૨માં ૬૨ મુસાફરો સવાર હતા. આ વિમાનની શોધ અભિયાન ચાલુ કરી દેવાયો છે. અત્યાર સુધી ફ્લાઈટના લોકેશન બાબતે કોઈ જાતની જાણકારી મળી રહી નથી.

ફ્લાઈટ રડાર ૨૪ અનુસાર આ વિમાન બોઈંગ ૭૩૭-૫૦૦ની શ્રેણીનું છે. જેમાં શનિવારે સંજે જકાર્તાના સોકાર્નો -હટ્ટા એરપોર્ટથી ઉડ્ડયન કર્યું હતું. જણાવાઈ રહ્યું છે કે પ્લેન ટેકઓફ થયાની ૪ મિનિટમાં જ વિમાન સાથેનો સંપર્ક તૂટી ગયો છે.

● અનુસંધાન પાન-૭ પર

**Vશાલ SUPER MARKET**

હવે, નવા સરનામે પણ આપની સેવામાં

પ્લોટ નં. ૧૦૮+૧૨૦/૩ શિવાલય રેસીડેન્સી સામે, કુડાસણ, ગાંધીનગર Mo. 9376277883

| આઈટમનું નામ | ભાવ રૂ. |
| --- | --- |
| અમૂલ-સાગર-મધુર-પતંજલી - ગોવર્ધન ઘી - ૧ લીટર | રૂ. ૨૫ Off |
| મધુર ખાંડ ૫ કિલો | રૂ. ૨૧૦/- |
| વિશાલ ખાંડ (લૂઝ) ૫ કિલો | રૂ. ૧૭૫/- |
| સર્ફ એક્સલ / એરીયલ મેટ્રીક ૨ કિલો - | રૂ. ૧૦૦ Off |
| રામદેવ - મરચુ - પાવડર ૧ કિલો, | રૂ. ૩૦ Off |
| બધા જ શેમ્પુ - ૬૦૦ ML + | રૂ. ૧૫૦ Off |
| વાઘબકરી ચા - ટાટા અગ્નિ ચા (૧ કિલો.) | રૂ. ૨૫ Off |
| બધા જ કમ્ફર્ટ વોશ-૮૬૦ મીલી, કોલગેટ-૨૦૦+૧૦૦ ગ્રા. | રૂ. ૧૫ Off |
| સર્ફ એક્લેસ / એરીયલ મેટ્રીક ૪+૨ કિ. | રૂ. ૫૦ Off |
| સર્ફ એક્સેલ ઈઝી વોશ પાવડર ૪ કિલો. | રૂ. ૧૦૦ Off |
| હાર્પીક - ૧ લીટર | રૂ. ૨૮ Off |
| અંગુર તુવેરદાળ ૫ કિ. પેક | રૂ. ૫૨૫/- |
| મગ ફોતરા ૧ કિલો | રૂ. ૮૭/- |
| ચણાદાળ ૧ કિલો | રૂ. ૬૨/- |
| આશીર્વાદ / ફોરચ્યુન / ઉત્તમ આટા ૫ કિલો | રૂ. ૧૭૦/- |
| એવરેસ્ટ મસાલા/લીજ્જત પાપડ/તલોદ ઈન્ટન્ટ/ગીટ્સ<br>ઉત્તમ ઈન્ટન્ટ/રામદેવ ઈન્ટન્ટ/શ્રીગણેશ ઈન્ટન્ટ<br>હલ્દીરામ/બાલાજી/રીયલ/રાધે/લક્ષ્મી નમકીન<br>ગાય બેસન/ઉત્તમ સોજી /મેંદો (૧ કિલો)<br>સ્ટ્રેક્સ/રેવલોન હેર કલર | ૧૦% Off |
| બિયર સેમ્પુ / કિચન એક્સપ્રેસ હિંગ/મસાલા/અથાણા | ૨૫% Off |
| ધરતી ચાટપુરી ૨૦૦ ગ્રામ (એમઆરપી-૪૦) | રૂ. ૨૩/- |
| ગુજરાત વન નિગમ - મધ ૧ કિલો | રૂ. ૩૩ Off |
| ફોરચ્યુન સન ફ્લાવર ઓઈલ ૧૫ લિટર ટીન | રૂ. ૨૧૧૦/- |
| અંકુર સીંગતેલ ૧૫ લિટર ટીન | રૂ. ૨૨૬૦/- |
| અંકુર કપાસીયા ૧૫ લિટર ટીન | રૂ. ૧૮૮૦/- |
| કિસાન સોસ ડીપ ૧ કિલો | ૫૦% Off |
| અમૂલ બટર ૫૦૦ ગ્રામ/અમૂલ શ્રીખંડ ૧ કિ. | રૂ. ૧૫ Off |
| બાદશાહ/રામદેવ મસાલા | ૧૫% Off |
| અમૂલ ગોલ્ડ મિલ્ક ૫૦૦ મી.લી. (એમઆરપી-૨૮) | રૂ. ૨૭/- |
| પોન્ડ્સ બોડી લોશન ૩૦૦ મી.લી. | રૂ. ૭૦ Off |
| પેરાશુટ કોકોનટ ઓઈલ ૧ લીટર | રૂ. ૫૦ Off |
| મારૂતિ મકાઈ પૌવા ૫૦૦ ગ્રામ (એમઆરપી-૪૦) | રૂ. ૨૫/- |
| કલશ / કૃષ્ણ ખાખરા ૨૫૦ ગ્રામ | રૂ. ૨૮/- |
| પારલે નમકીન / એલ્યુમિનિયમ ફોઈલ (૨૯ ગ્રામ)<br>ડ્યુક્સ / પીક્વીક વેફર બિસ્કીટ / ક્રેવ સોન પાપડી<br>ડીસાનો ઓલીવ ઓઈલ/ગુડહોમ સ્ક્રબર | ૫૦% Off |
| કિસાન ટોમેટો કેચઅપ ૯૫૦ ગ્રામ (એમઆરપી-૧૨૦) | રૂ. ૯૯/- |
| પારલે જી (૮૫૦ ગ્રામ) (એમઆરપી-૭૦) | રૂ. ૬૦/- |

**તાજા શાકભાજી પણ ઉપલબ્ધ**

તમામ ભાવ રૂપિયા / કિલો

● બટાકા - રૂ.૧૫ ● ડુંગળી - રૂ. ૨૫ ● કાચા ટમેટા - રૂ. ૧૦ ● સાદા ટામેટા-રૂ. ૧૫ ● દેશી ટામેટા (ગોળ) રૂ. ૨૦ ● ફુલાવર-કોબીજ - રૂ. ૬ ● આમળા - રૂ. ૨૦ ● લીંબુ-૩૦ ● ભીંડા - રૂ. ૩૦ ● વટાણા-રૂ. ૨૦ ● લીલા મરચા - રૂ. ૪૦ ● સીમલા મરચા - રૂ. ૩૫ ● ગાજર - રૂ. ૧૫ ● ભટ્ટા - રૂ. ૧૧ ● મકાઈ - રૂ. ૨૦ ● કારેલા - રૂ. ૪૦ ● તુવેર - રૂ. ૩૦ ● લીલા ચણા - રૂ. ૫૦ ● આદુ - રૂ. ૩૫ ● લીલી હળદર - રૂ. ૩૦ ● આંબા હળદર - રૂ. ૩૫ ● રવૈયા - રૂ. ૨૦ ● સરગવો - રૂ. ૫૦ ● બીટ - રૂ. ૨૦ ● રતાળુ - રૂ. ૪૦

રૂ. ૧૫૦૦ની ખરીદી ઉપર ૧ વિશાલ શોપીંગ બેગ ફ્રી (તેલ-ઘી સિવાય)

નોંધ : તમામ ઓફર સ્ટોક હશે ત્યાં સુધી જ ઉપલબ્ધ / સ્કીમ ફેરફાર કંપનીને આધીન

શું તમે ઉધઈ કે અન્ય જીવજંતુઓ થી પરેશાન છો ? તો આજે જ કોલ કરો

Mr. Mayur :- 9725377106 8866022086

Termites

Dhaval Pest Control dhaval_pest_control www.dhavalpestcontrol.com

**TERMINAL-1 Veg. Food Court**

ગીફ્ટ સીટી ગાંધીનગર પાસે, શાહપુર ગામ ચાર રસ્તા પર બનાવેલ ફૂડકોર્ટમાં તદ્દન નજીવા ભાડેથી રેસ્ટોરન્ટના બુકીંગ માટે મળો.

૯૮૨૫૦ ૫૧૨૫૬ - ભાવેશ ચૌહાણ

**સ્મરણાંજલિ**

"સ્મરણો ભીંજવે હૈયુ..ને.. મહેકી ઉઠો આપ અમ અંતરમાં...."

MINAXI GROUP Your Trust is Our Strength

સ્વ. શ્રીમતી મીનાક્ષીબેન વ્યાસ સ્વ. તા. ૧૨.૦૧.૧૯૮૦

સ્વ. શ્રી જદુરાય વ્યાસ સ્વ. તા. ૧૦.૦૧.૧૯૮૦

કુ. દેવાંશી નિશિત વ્યાસ | નિશિત જદુરાય વ્યાસ
હરિવંશ નિશિત વ્યાસ | ઈશાની નિશિત વ્યાસ

મીનાક્ષી પરિવાર

મીનાક્ષી મેમોરિયલ ટ્રસ્ટ, 'મીનાક્ષી', ૩૮૧, સેક્ટર-૧૬, ગાંધીનગર.

PARAM

સરકાર માન્ય

**વાછાણી COVID-19 હોસ્પિટલ**

૨૪X૭ આપની સેવામાં ઉપલબ્ધ

સરનામું: પ્લોટ નં.૧૫૨૬, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

95123 55568 | 95123 55569

ઉપલબ્ધ સારવાર

૮ બેડ ICU | ૧૬ બેડ HDU (High Dependency Unit) | ૧૭ બેડ જનરલ વોર્ડ | વેન્ટિલેટર | બાઈપેપ | હિમોડાયાલિસિસ | OPD સ્કેન | ડિજીટલ X-Ray | પેથોલોજી | સોનોગ્રાફી | 2D Echo | બ્લડ બેન્ક ટાય-અપ | એમ્બ્યુલન્સ સેવા

કોવિડ-૧૯ OPD - સવારે ૯.૦૦ થી ૧૧.૦૦

નોંધઃ વાછાણી હોસ્પિટલ, કુડાસણ નોનકોવિડ શાખા છે.

COVID CARE AT HOME BY VACHHANI COVID HOSPITAL

**FIGHT CORONA** M. 90998 72551

**સેનેટાઈઝ સર્વિસ**

ફ્લેટ | બંગલો | ઓફીસ | બિલ્ડીંગ

૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.

FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.